પ્રકરણ:૧૦ 'પિંજર'

પંજાબી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

પ્રકરણ:૧૦ 'પિંજર'- પંજાબી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

અખંડ હિંદુસ્તાનના ગુજરાનવાલામાં જન્મેલાં અમૃતા પ્રીતમ તેમની રચના 'અજ્ઝ આખા વારિસાં શાહ' રચનાથી લોકપ્રિય બન્યા. તેઓ સાહિત્ય અકાદમી પુરસ્કૃત પ્રથમ સ્ત્રી લેખિકા છે. કવિતા, વાર્તા, નવલકથા અને આત્મકથા ક્ષેત્રે તેમણે ખેડાણ કર્યું છે. તેમની નવલકથા 'પિંજર' પંજાબી ભાષામાં લખાયેલી કૃતિ છે. જે ઈ.સ.૧૯૫૦ માં પ્રકાશિત થઈ. તેનો ગુજરાતી ભાષામાં સુમિત્રા ઠાકોર દ્વારા અનુવાદ કરવામાં આવ્યો. અનુવાદિત પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૫૪માં પ્રકાશિત થઈ. વિભાજન સમયની એક નારીની આંતરિક અને બાહ્ય વ્યથાને રજૂ કરતી આ નવલકથાના નારીપાત્રોની નારી છબી તપાસવાનો ઉપક્રમ છે.

૧૦.૧ કથાવસ્તુ:

પૂરો આ નવલકથાનું મુખ્ય સ્ત્રીપાત્ર છે. નવલકથાની શરૂઆતમાં વટાણા ફોલતી પૂરો તેમાંથી નીકળેલી ઈયળ જોઈને કંપારી અને વેદના અનુભવે છે. તે પોતાના ગર્ભમાં જન્મી રહેલા બાળક પ્રત્યે પણ ઇયળની જેમ ઘૃણા અનુભવે છે. ત્યારબાદ કથા ભૂતકાળમાં જાય છે. પંજાબના ગુજરાત જિલ્લાના છત્તોઆની ગામમાં જન્મેલી પૂરો શાહ(વેપારી)ના ઘરની દીકરી છે. યુવાન થયેલી પૂરોનું લગ્ન રત્તોવાલ ગામના સારા પરિવારમાં રામચંદ્ર નામના યુવક જોડે નક્કી કરવામાં આવે છે. સાટા-બદલીના રીવાજને કારણે પૂરોના ભાઇનો વિવાહ રામચંદ્રની બહેન લાજો જોડે નક્કી થાય છે.

છત્તોઆની ગામના જ મુસ્લિમ પરિવારનો છોકરો રશીદ બાપ-દાદાના સમયથી ચાલી આવતાં વેરનો બદલો વળવા પૂરોનું અપહરણ કરે છે. પૂરો ભાગીને મા-બાપની ઘરે પાછી આવતાં, ન સ્વીકારતાં રશીદ પૂરોને લઈ જઈ તેની સાથે નિકાહ કરે છે. રશીદ પૂરોને સક્કડઆલી ગામે લઈ ચાલ્યો જાય છે, પૂરો રશીદ અને તેનાં પુત્રો સાથે 'પિંજર' રત્તોવાલથી બચાવીને લાવેલી લાજો પ્રત્યે સહાનુભૂતિ અને સમસંવેદનાનો અનુભવ થાય છે. વિભાજન સમયે હિંદુસ્તાન જતાં પરિવારને તે

મળે છે અને તેમની સાથે પાછા ન જતાં તે રશીદ સાથે જ રહે છે. બે સત્તા, બે ધર્મ, બે પરિવાર અને બે દેશ વચ્ચે સ્ત્રીનું શોષણ દર્શાવતી આ લઘુનવલમાં નારીપાત્રોની છબી તપાસવાનો ઉપક્રમ છે.

૧૦.૨ 'પિંજર'- પંજાબી નવલકથામાં મુખ્ય નારી છબીનો અભ્યાસ:

આ નવલકથામાં મુખ્ય પાત્ર તરીકે પૂરો ('હમીદા') છે, જ્યારે ગૌણ પાત્રો તરીકે તારો, ગાંડી સ્ત્રી, કમ્મો અને લાજો છે. પુરોની મા, રશીદની મા, દાયણ અને રજજો (પૂરોની બહેન)નાં પાત્રો અતિ ગૌણરૂપે ઉલ્લેખ માત્ર માટે નવલકથામાં આવે છે. આ નવલકથાનાં મુખ્ય અને ગૌણ નારીપાત્રોની નારી છબી તપાસી છે.

૧૦.૨.૧ પૂરો:

પંજાબના ગુજરાત જિલ્લામાં છત્તોઆની ગામમાં પૂરો જન્મી. આર્થિક પરિસ્થિતિ ડગમગી જતાં અન્ય ગામે જઈને તેનો પરિવાર સ્થિતિ સુધરતાં છત્તોઆની પાછો આવે છે. પૂરોને અન્ય બે બહેનો અને એક ભાઈ હોવા છતાં તેનાં મા-બાપ અન્ય એક પુત્ર ઝંખે છે. ત્યાં જ નવલકથામાં (gender bias) જાતીય ભેદની શરૂઆત થાય છે. પૂરો અન્ય સામાન્ય છોકરીઓની જેમ જ ઉછરી છે. ઘરનું કામ અને રસોઈ કરતી પૂરોને રામચંદ્ર સાથે સુંદર લગ્નના ઓરતાં છે. આમ, નવલકથાની શરૂઆતમાં તેની છબી સામાન્ય યુવતી તરીકેની છે.

પુત્રપ્રાપ્તિ માટે પૂરોનો પરિવાર વિધાત્રીમાતાની પૂજા રાખે છે. જેમાં "વિધાત્રી રિસાઇને આવી તે માનીને જાય" (પૃષ્ઠ:૬) પંજાબી લોકગીતમાં આ પ્રમાણેની માન્યતા દર્શાવવામાં આવી છે: જો વિધાત્રીદેવી પતિ સાથે પ્રેમથી આવે તો જલ્દીથી દીકરી ઘડીને ચાલી જાય! લોકગીતમાં પણ સમાજમાં પ્રવર્તેલી જાતીય ભેદની છાપ કેવી રીતે ઊપસે છે તે નવલકથામાં લેખિકાએ દર્શાવ્યું છે.

પુત્ર જન્મ બાદ પણ પણ કાંસાની થાળીમાં કાણું પાડીને પુત્રને પસાર કરતાં પણ ત્રણ દીકરીઓની ધાડ જાય અને શુકન થાય- આ માન્યતા પણ અહીં પંજાબી સમાજમાં વિભાજનની આસપાસના સમયગાળામાં પ્રવર્તેલી માન્યતાને દર્શાવે છે.

પૂરો માટે રત્તોવાલ ગામના પ્રતિષ્ઠિત કુટુંબમાં રામચંદ્ર નામના યુવાન સાથે લગ્ન નક્કી કરવામાં આવે છે. જ્યારે સાટાબદલી રિવાજને કારણે રામચંદ્રની બહેન લાજોનું લગ્ન પૂરોના ભાઈ સાથે નક્કી કરવામાં આવે છે. આ લગ્ન સામે પૂરોને કોઈ આપત્તિ નથી. તે તો કોડીલી કન્યાની જેમ રામચંદ્ર સાથેના સ્વપ્નો રચે છે. તેનું આ લગ્નનું સ્વપ્ન ક્યારેય પૂરું નથી થઈ શકતું તેમાં આ સ્ત્રીપાત્રની પ્રથમ ટ્રેજેડી છે.

પૂરોના સ્વપ્ન ભંગાણથી લઈને જિંદગીમાં ઘણું મોટું પરિવર્તન લાવતી ઘટના છેઃ પૂરોનું અપહરણ. મુસ્લિમ ધર્મના કુટુંબોમાંનું એક રશીદનું કુટુંબ પૂરોના કુટુંબ સાથે બાપદાદાના સમયથી વેર ભાવ ધરાવે છે. પૂરોના કુટુંબમાં બાપદાદાના સમયમાં રશીદની ફોઈને ઊંચકી જવી અને હિન્દુ ઘરમાં ત્રણ રાત રાખવી- એ આ અપહરણનું બીજ છે. પૈસાની વ્યાજની લેવડ-દેવડમાં સ્ત્રીને પણ પૈસાની જેમ 'વસ્તુ' (Comodity) ગણી તેનું અપહરણ કરવું, ઘરમાં રાખવી અને પરિવારનું 'માન' ધૂળમાં જતાં પછી મોકલવી એ ઘટનાઓ સમાજની નિમ્ન સ્ત્રી પ્રત્યેની નિમ્ન વિચારણાને રજૂ કરે છે. પૂરોનું પણ એ જ થાય છે જે રશીદની ફોઈનું થયું હતું. આમ આ આખી ઘટનામાં- (૧) સ્ત્રીના અસ્તિત્વ કે સંવેદનાની અવગણના. (૨) બદલો લેવા માટે 'વસ્તુ' તરીકે ઉપયોગ. (૩) સ્ત્રીની બદનામી થતાં મળતી સંતોષની લાગણી. (૪) બે ધર્મ વચ્ચેનો સંઘર્ષ મૂળમાં છે. પરંતુ આ બધાં જ કારણોનું મૂળ 'સ્ત્રી શરીર'ની ભેદ્યતા (vulnerability) અને સ્ત્રી સાથે કોઈ કૃત્ય થતાં પરિવારજનોને થતી આત્મગ્લાનિ (self- guilty) અને અપમાનજનક પરિસ્થિતી છે.

પુરુષપ્રધાન સમાજ એ ઊભું કરેલ સ્ત્રીની ગરિમાનું તંત્ર તેમનાં જ કરેલાં કૃત્યોથી તૂટે છે. આ બંને પરિવારમાં અપહરણ કરનાર કે તેનો નિર્ણય કરનાર પુરુષ છે, જ્યારે સહન કરનાર (Victim) સ્ત્રી છે. બદલો લેવા માટે રશીદને તેના પરિવારજનો દ્વારા કુર્રાનના સોગંદ લેવડાયા છે.

અહીં મનુષ્યના વગર વિચાર્યે કરાતાં દુષ્કાર્યો અને તેમાં ધર્મગ્રંથના થતાં ઉપયોગ દ્વારા લેખિકાએ સમાજની વક્રતા (Irony)ની યોગ્ય ચિત્ર ઊભું કર્યું છે.

રશીદ પૂરોને પ્રથમ નજરે જોઈ હતી ત્યારથી પ્રેમ કરે છે. બદલો લેવા માટે પૂરોનો પીછો કરતો રશીદ પૂરોને સ્ત્રીને ગુફામાં લઈ જતાં રીંછ જેવો ભાસે છે. તેના બદલા લેવા પાછળ વ્યક્તિગત રીતે બે કારણ જવાબદાર છેઃ (૧) પરિવારજનોનું દબાણ (૨) કુર્રાનના સોગંદ. તેના સિવાય પૂરો માટે તેને કોઈ હાનિ પહોંચાડવાની લાગણી નથી. પૂરોને પંદર દિવસ તે રાખે છે તે દરમિયાન તાવ આવતાં તે પૂરોની સેવા કરે છે. પોતાને માફ કરવા માટે તે પૂરોને વિનંતી પણ કરે છે. આમ, માણસાઈ ધરાવતું તે પુરુષપાત્ર છે.

પૂરો પોતાના ઘરે પાછા જવા માટે વિનંતી કરે છે ત્યારે રશીદને તેના પરિણામની ખબર છે. પૂરો તેના મા- બાપને વિશુદ્ધ લાગણી અને પ્રેમ સહિતનાં સમજે છે. જ્યારે તેઓ સમાજના નીતિ-નિયમો, માન-અપમાન, અન્ય જાતિના ડરથી ઘેરાયેલા નિઃસહાય છે. પૂરો મર્યાદા સચવાઈ રહી હોવાથી શરીર અને મનથી શુદ્ધ છે. જ્યારે સમાજની અને તેના મા-બાપની માનસિકતા અશુદ્ધ છે. પૂરોએ કોઈ દુષ્કર્મ નથી કર્યું તેમ છતાં પુરુષસત્તાક સમાજ અને તેમના દ્વારા દોરવામાં આવેલી મર્યાદા રેખાઓની તે Victim છે. અહીં, તેનું પાત્ર 'રામાયણ'ની સીતા સાથે સામ્ય ધરાવે છે. રાવણ દ્વારા અપહરણ થતાં તેનો કોઈ વાંક ન હોવા છતાં 'અગ્નિપરીક્ષા' આપવી પડે છે. પૂરોને પણ!

તેથી જ ઘરે જવાનું કહેતાં રશીદને તેને કહે છેઃ "ઓ પવિત્રતાની પૂતળી, હવે એ ઘરમાં તારે માટે કોઈ જગ્યા રહી નથી. એમના સમાજનો કયો હિન્દુ પછી શાહ કુટુંબનઘરનું પાણી પીશે? તું મારા ઘરમાં પંદર દિવસ રહી ચૂકી છું." (પૃષ્ઠઃ૨૪) આ જ પરિણામ સાચું પડે છે. 'લોકો ભેગાં થઈ જશે." (પૃષ્ઠઃ.૨૮)ની બીકથી ડરતો બાપ કે "બેટા! તારું કિસ્મત! હવે મારા હાથની કોઈ વાત નથી." (પૃષ્ઠઃ૨૮) કહેતી મા પોતે જણેલાં સંતાનને સમાજના ડરથી ત્યાગે છે. તેના સગાં માં-બાપ દ્વારા જ તેનો આખો જન્મ નકારી કઢાય છે.

પૂરોને અસ્તિત્વને નકારતો અન્ય કિસ્સો ત્યારે બને છે જ્યારે રશીદ સાથેના નિકાહ બાદ સક્કડઆલી ગામમાં તેના હાથે 'હમીદા' (નિકાહ બાદનું મુસ્લિમ નામ) ગુંદવામાં આવે છે. તેને રાત્રે

સ્વપ્નો આવે છે કે તે ન પૂરો છે, ન હમીદા છે, તે કેવળ એક પિંજર (Skeleton) છે. જેનું કોઈ નામ કે રૂપ નથી. પૂરો રોજિંદા જીવન જીવે છે પણ એમાં તેને કોઈ રસ તે વૈશાખી મેળાના સમયે ગવાતાં લોકગીત સાંભળીને વિચારે છેઃ "બધા જ સુંદર છોકરીઓના ગુણનાં ગીત ગાય છે, બધાં જ સાચા પ્રેમનાં વર્ણન કરે છે, શું કડી એવા ગીત પણ બનશે જેમાં મારા જેવી છોકરીઓના રુદનની ગાથા સમાયેલી હોય?" (પૃષ્ઠઃ૩૮)

પૂરોનું સંતાન થતાં રશીદ માટે તે પૂરો પરનો વિજય છે. પૂરોની પૂરેપૂરી પ્રાપ્તિની લાગણી છે. જ્યારે પૂરોને પોતાનું સંતાન પોતાની ઇચ્છા વિરુદ્ધનું હોવાથી શરીરમાં પોષાઈ રહેલા કીડા સમાન લાગે છે. પૂરોનું અસ્તિત્વ તે હદે હણાઈ ગયું છે, તેની લાગણી હદે છિન્ન-ભિન્ન છે કે તેને જાનવર જેવો લાગે છે. તે ગાંડીના મૃત્યુ બાદ તેના સંતાનને જાવેદની જેમ જ મા તરીકે પોશે છે, તેની કાળજી લે છે, આ બાળકના ઉછેર સમયે પણ તેને જાતિવાદ ભોગવવો પડે છે. પરંતુ, પૂરોના માતૃત્વ સામે હિન્દુઓ હારીને છોકરાને પાછો આપી જાય છે, તેમાં પૂરોના માતૃત્વની જીત છે.

લગ્ન ઇચ્છતી કોડિલી કન્યાના રામચંદ્ર સાથેનાં બીજ સતત પૂરોના અસ્તિત્વના ઊંડાણમાં રહે છે. જે રહિમની મા સાથે રત્તોવાલ જતાં જ તેની સ્મૃતિઓ (Memories) અને ઇચ્છાઓ પુનઃજાગૃત થાય છે. પૂરો તેના ભૂતકાળથી એવી ઘવાયેલી છે, કે તેનું વર્તમાન ભૂતકાળની સ્મૃતિઓની છાપ હેઠળ જ આગળ વધે છે. માનસિક(Psychological) સંઘર્ષ તેના બાહ્ય વર્તમાન એક એવી વિડંબના રચે છે કે પૂરોનો આઘાત વધુ ઊંડાણપૂર્વક તીવ્રતા(Intensity) થી પ્રસ્તુત થાય છે. આવો જ સંઘર્ષ તેનો ભાઈ રશીદના ખેતરમાં આગ લગાડે છે તે સમયનો છે. માનવ મનની સંકુલતા પ્રગટ કરતી આ ઘટના વિષે શરીફા વીજળીવાળા આ પ્રમાણે નોંધ છેઃ "પૂરો સંપૂર્ણપણે રશીદના જીવનનો હિસ્સો બની ગઈ છે છતાંય ક્યાંક અચેતન મનમાં વેર વળવાની ખુશી થાય છે!"૨

વિભાજન સમયે સ્ત્રીની સ્થિતિને દર્શાવતી આ નવલકથામાં પૂરોનો બાહ્ય સંઘર્ષ આસપાસની પરિસ્થિતિને કારણે વધુ પ્રસ્તુત બને છેઃ "એક દિવસ પૂરોએ દસ-બાર ચંચળ નવયુવકોને એક નગ્ન યુવાન છોકરીને પોતાની આગળ કરીને બંને હાથેથી ઢોલ-ઢબૂકિયાં વગાડતા, પોતાના ગામ

પાસેથી પસાર થતા જોયાં. પૂરોને લાગતું: જાણે આ સંસારમાં જીવવું ભારે અસહ્ય થઈ ગયું હોય, જાણે આ યુગમાં દીકરીનો જન્મ લેવો એ જ પાપ હોય?" (પૃષ્ઠ:.૧૧૨)

રામચંદ્રની બહેન લાજોની બચાવતી પૂરોમાં સાહસ જોવા મળે છે. રશીદ પ્રત્યે તેનો વિશ્વાસ પણ આ ઘટનામાં તાદશ થયો છે. સામસામે મળેલી છોકરીઓને પાછી આપવાની સરકારની સૂચનાની જાણ થતાં પૂરો આ પ્રમાણે અનુભવે છે: "પૂરો હૃદયમાં એક સણકા જેવુ લાગ્યું, મારે વખતે દુનિયાના બધાં જ ધર્મ મારા માર્ગમાં કાંટા બનીને પથરાઈ ગયા હતા, મારા માતા-પિતાએ મારો સ્વીકાર ન કર્યો, મારા સાસરિયાએ મારો સ્વીકાર ન કર્યો; આજ બધાં ધર્મોનાં મન તૂટી ગયા છે આજ...."(પૃષ્ઠ:૧૨૬) લાજોને ઘોડા પર ઉપાડી બચાવી લાવતો રશીદ પણ જાણે ગ્લાનિમાંથી થોડો- ઘણો મુક્ત થાય છે. અલ્લરખાની મા દ્વારા બોલતું વિધાન: "છોકરાની જાન સલામત રહે, બીજી બૈરીઓ તો ઘણીય.." (પૃ.૧૪૨) વિભાજન સમયે સ્ત્રીનું અવમૂલન રજૂ કરે છે.

વિભાજન સમયે ભારત પાછા જવા માટે લાજોને મૂકવા આવેલી પૂરો માટે અંતિમ ઘટના મહત્વની છે. તે ભાઈ-ભાભી સાથે ભારત ન જતાં રશીદ સાથે રહેવાનો નિર્ણય કરે છે- આ નિર્ણય પૂરો પોતે વૈયક્તિક રીતે લે છે: "ચાહે કોઈ પણ છોકરી હિન્દુ હોય કે મુસલમાન, જે કોઈ છોકરી પાછી જઈને પોતાને ઠેકાણે પહોંચે છે ત્યારે માનજો કે એની સાથે પૂરોનો આત્મા પણ ઠેકાણે પહોંચી જાય છે. પૂરોએ પોતાના મનમાં કહ્યું, અને પોતાની આંખો ધરતી પર ઢાળીને રામચંદ્રને છેલ્લી વાર પ્રણામ કર્યા." (પૃષ્ઠ:૧૬૨) અંતિમ દૃશ્યનું નવલકથામાં અને ફિલમમાં વર્ણન/પ્રસ્તુતીકરણ હૃદયદ્રાવક રીતે કરવામાં આવ્યું છે.

પૂરો આ નવલકથાનું એવું પાત્ર છે જે નવલકથાના શીર્ષક 'પિંજર'નાં બે રૂપે દર્શાવે છે.: (૧) પિંજર-પિંજરું (Cage) પૂરોનો આત્મા તેના સમગ્ર જીવન દરમ્યાન ભૂતકાળમાં કેદ છે. જેને એક અવિસ્મરણીય ઘટના દ્વારા એવી રીતે પીંખી નાખવામાં આવ્યો છે કે પૂરોના અસ્તિત્વ (Existence)ની વેદના ઉભરી આવે છે. (૨) પિંજર-હાડપિંજર (Skeleton). પૂરો જાણે માત્ર હાડકાંઓનું પિંજર છે જેને કોઈ રૂપ નથી, જેમાં રક્ત નથી અને માંસ પણ નથી. તે સર્વ પુરુષ પત્રો દ્વારા ચૂંથી કાઢવામાં આવ્યું છે.

ડૉ. ટોટવાડ નાગનાથ રામારાવ આ સંદર્ભે નોંધે છે કે: "Pinjar means a skeleton lexically and horrifying appearance on nothingness (no life- no flesh) metaphorically. The loss of dream will and desire means death and death means skeleton. It is such type of loss not only destroys one's identity but also security and a purpose of living. A skeleton means a sense of absurdity in existence, and a frame of bones without flesh and blood."3

આમ, પૂરો એ સામાન્ય યુવતી છે જે અસમાન્ય ઘટનાઓમાંથી પસાર થતાં-થતાં 'પિંજર' સમાન બની જાય છે. બે ધર્મો, બે સમાજ, બે પરિવાર, બે જ્ઞાતિ, બે જાતી અને બે દેશ વચ્ચેના સંઘર્ષોમાં બાહ્ય અને આંતરિક ક્લેશનો સામનો કરતાં-કરતાં અંતના પોતાના નિર્ણય સુધી પહોંચે છે. વિભાજન સમયની સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ કરતી પૂરોની છબી ભારતીય નવલકથામાં આ રીતે મહત્વની બને છે. તેના અંતના નિર્ણયમાં રશીદ અને તેના પોતાના પરિવાર પ્રત્યે ઘૃણામાંથી મુક્તિ અને માફી (Sense of forgiveness) છે.

૧૦.૩ 'પિંજર'- પંજાબી નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસ:

૧૦.૩.૧ તારો:

તારો પૂરો અને રશીદની પડોશી છે. તેના પિયરમાં તે પાછી ફરેલી છે કારણકે તેના પતિ અને સાસરિયાઓએ પહેલું લગ્ન થયું હોવા છતાં છુપાવીને તેના પતિનું તારો સાથે બીજું લગ્ન કરાવડાવ્યું. તારો શિક્ષિત સ્ત્રી છે તેથી તેનું વલણ આ ઘટના સંદર્ભે સમાધાનકારી નથી. તેના મા-બાપ પણ તે પાછી આવતાં સ્વીકારી શકતાં નથી.

તારો પર લગ્નની આ આખી સંડોવણીની વાતની અસર એ હદે થાય છે કે તેનામાં પહેલાં શારીરિક અને પછી માનસિક દુર્દશાની શરૂઆત થાય છે. ઘડી-ઘડી તાણ આવતી, હાડકાં દેખાય તેવી લાગતી તારોનું આ વિધાન તેની માનસિક પરિસ્થિતી રજૂ કરે છેઃ "મારા હ્રદયમાં અગ્નિ બળી રહ્યો છે. તું નથી જોતી; બધાં જુએ છે. પૂરેપૂરાં બે વર્ષ થઈ ગયા છે. રોટી અને કપડાં માટે હું એને મારૂ શરીર વેચું છું. જો હું વેશ્યા છું... જો, હું વેશ્યા છું." (પૃષ્ઠઃ૫૭) શિક્ષિત તારોનો પતિ તેને રોટી-કપડાંની જરૂરીયાત પૂરી કરી નાખે તેટલાથી સંતોષાતી નથી. જેને લોકો ભૂત-પ્રેતનું વળગણ ગણે છે તેમાં તેની વિડંબના છે.

તેની મા દ્વારા બોલાતું આ વિધાન સમાજમાં પ્રવર્તતી માનસિકતા અને પુરુષકેન્દ્રી સમાજની પોકળતા રજૂ કરે છેઃ "બેટા! અમે તો પુત્રી આપી દીધી, અમારું મોં બંધ થઈ ગયું. અમે હવે શું બોલી શકીએ? એ સારી રીતે રાખે કે દુઃખ દે. પુરુષની જાત!" (પૃષ્ઠઃ૫૮) આ નિશ્વાસમાં દીકરી પ્રત્યેની બેદરકારી અને પુરુષસત્તાક સમાજનાં માળખાનો ડર પ્રસ્તુત થાય છે. આમ, તારો આ નવલકથામાં લગ્ન વ્યવસ્થા અને પુરુષસત્તાક જડતાની પીડિત(Victim) તરીકે આવે છે.

૧૦.૩.૨ કમ્મોઃ

કમ્મો મા વિહોણી છે. તેનો બાપ મારી જતાં બીજી સ્ત્રી સાથે શહેરમાં રહે છે. પુરોને કમ્મો કૂવા પર મળે છે. તે તેની કાકી સાથે રહે છે. બાપ જીવિત હોવા છતાં મા-બાપ વિહોણું અનાથસમું જીવન વિતાવતી કમ્મો તેની કાકીથી ખૂબ ડરે છે. પૂરો કમ્મોને જોતાં તેના પ્રત્યે સહાનુભૂતિ અનુભવે છે. તેની મા તરીકે કાળજી રાખવા માટે બનતા બધાં પ્રયત્નો કરે છે. જમાડવું, માથામાં તેલ નાખી આપવું, જોડાં આપવા- જેવી બનતી સહાય કરે છે. કમ્મોની કાકીને આ મિત્રતા પસંદ નથી. તે કામમોને કહે છેઃ "પૂરો ઘરેથી નાસીને આવી છે, તું પણ કોઈક દિવસ એની માફક નાસી જઈશ." (પૃષ્ઠઃ.૫૨)

આમ, કમ્મો નવલકથામાં એક ત્રસ્ત છોકરી તરીકે આવે છે. જે સ્ત્રીની દયનીય સ્થિતિ રજૂ કરતું પૂરક પાત્ર છે,

૧૦.૩.૩ ગાંડી સ્ત્રી:

ગાંડી સ્ત્રી ગર્ભવતી છે. તેના બાળકના પિતા વિષે કોઈનેય ખ્યાલ નથી. ગાંડી સ્ત્રીને ગર્ભવતી કરનાર પુરુષ પ્રત્યે પૂરોને આક્રોશ જન્મે છે. કોઈને હેરાન ન કરતી, આપો તે ખાઈ લેતી સ્ત્રીને તેના ગર્ભ વિષે જાણ નથી અને તેનું પુરુષ પાત્ર દ્વારા શોષણ એ સ્ત્રીનું વસ્તુ/ મનોરંજન માટેના સાધન તરીકેનું અવમૂલ્યન દર્શાવે છે. બાળક જન્મતાં જ નાળ સાથે જ મારી જતી ગાંડી સ્ત્રીના બાળકને પૂરો અને રશીદ સ્વીકારે છે, પોષે છે. તેમાં પણ આવતું સમાજનું હિન્દુ-મુસ્લિમ ધાર્મિક રાજકારણ (Religious Politics) નવલકથામાં યોગ્ય રીતે પ્રસ્તુત થયું છે.

૧૦.૩.૪ લાજો:

લાજો રામચંદ્રની બહેન છે, જેનું લગ્ન પૂરોના ભાઈ સાથે થયું છે. આમ, તે પૂરોની ભાભી છે. ભારત જવા માટે જતાં ટોળાંમાંથી છૂટી પડી ગયેલી લાજોને તેના જ જૂના ઘરમાં મુસ્લિમ ડોશી અને તેના છોકરા અલ્લારખ્ખાં દ્વારા બંધનમાં રાખવામાં આવે છે. રશીદ પાસે વિનંતી કરીને લાજોને બચાવતી પૂરોને હાશ થાય છે. જ્યારે રશીદ તેને બચાવી લાવતા તેની ગ્લાનિનો બોજો ઓછો થતો અનુભવે છે. રશીદને લાજો પ્રત્યે પિતૃત્વનો ભાવ પણ જાગે છે.

લાજો એ પાત્ર છે જેના વડે પૂરો તેના અને રામચંદ્રના પરિવાર સાથે જોડાયેલી (Connected) રહે છે. વિભાજન સમયે હિન્દુ હોય કે મુસ્લિમ છોકરીઓને ઉપાડી જતાં તેની વેદના દર્શાવવાનો પ્રયાસ લેખકે લાજોના પાત્ર દ્વારા કર્યો છે. લાજોનો પતિ દ્વારા અંતે થયેલો

સ્વીકાર અને ભારત જવાની ઘટના ધર્મ, રશત્રાને આબરૂની તે સમયે બદલાતી જતી વિભાવનાને દર્શાવે છે.

૧૦.૪ ઉપસંહાર:

વિભાજન સમયની સ્ત્રીઓની સ્થિતિ દર્શાવતી આ નવલકથામાં જે સમસ્યાઓ દર્શાવવામાં આવી છે, તે બાહ્ય અને આંતરિક બંને પ્રકારની છે. ડૉ. સિલાસ પાટેલિયા નોંધે છે કે આ નવલકથા "(૧) ધાર્મિક આસ્થાઓ (૨) સાંસ્કૃતિક ભેદભાવો (૩) સામાજિક (૪) જાતિગત તફાવતો વચ્ચે સંઘર્ષ"૪ દર્શાવે છે. જેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે. શરીફા વીજળીવાળાએ પણ યોગ્ય કહ્યું છે કે: "આપણે જાણીએ છીએ કે યુદ્ધ હોય કે કોમી તોફાનો, વિયેટનામ હોય કે અફઘાનિસ્તાન, ભારત હોય કે પાકિસ્તાન.. સૌથી વધુ વેઠવાનું- શારીરિક અને માનસિક બેઉ સ્તરે સ્ત્રીઓને ભાગે જ આવે છે. વિભાજન વેળાએ સ્ત્રીઓ પર જે અમાનુષી અત્યાચાર થયા હતા એમાં ધર્મ, કોમ, ઉંમર બધુ જ ગૌણ થઈ ગયેલું, માત્ર સ્ત્રીદેહ જ અત્યાચાર માટેનું કારણ બની રહેલો. આ અત્યાચારમાં કોઈ કોમ ઓછી નો'તી ઉતરી."૫ આ નવલકથામાં નારીપાત્રોની છબી આ જ વેદના પ્રસ્તુત કરે છે.

૧૦.૫ સંદર્ભ:

૧. વિભાજનની વ્યથા, શરીફા વીજળીવાળા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪; પૃ.૧૪૮

૨. વિભાજનની વ્યથા, શરીફા વીજળીવાળા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪; પૃ.૧૪૯

૩. Pinjar by Amrita Pritam: A Critique of Partition, Migration, Women Violation and Indian Independence, Dr.Nagnath Ramarao; Pune Research World: An International Journal of interdisciplinary studies; Vol-2, issues-3; Page no.5

૪. 'પિંજર'- અમૃતા પ્રિતમ, ડૉ.સિલાસ પટેલિયા; નારીવાદઃ વિભાવના અને વિમર્શ, ઉર્વશી મનુપ્રસાદ પંડયા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮; પૃ.૧૭૯

૫. વિભાજનની વાર્તાઓ, અનુવાદકઃ શરીફા વીજળીવાળા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૫